પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૦૧ | ૨૧ જુન, ૨૦૧૭, બુધવાર ; જયેષ્ઠ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# દેશભરમાં આજે આંતરરાષ્ટ્રીય યોગ દિન ઉજવાશે

## લખનૌમાં મોદીની સાથે મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ પણ રહેશે : યોગને પ્રોત્સાહન આપવા માટે દુનિયાભરના ૧૭૦થી વધુ દેશોમાં પણ યોગ સાધનાના કાર્યક્રમો થશે : મોદી સરકારના બધા કેન્દ્રિય મંત્રીઓને જવાબદારી



નવી દિલ્હી,તા. ૨૦

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની આવતીકાલે દેશભરમાં ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવનાર છે. દેશ વિદેશમાં અનેક મોટા કાર્યક્રમો યોજાનાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી લખનૌથી વિશ્વનું નેતૃત્વ કરશે. મોદીની સાથે ઉત્તારપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ પણ યોગ કાર્યક્રમમાં ભાગ લેનાર છે. ત્રીજા યોગ દિવસને લઈને યોગી પોતે તૈયારીની સમીક્ષા છેલ્લા કેટલાક દિવસથી કરી રહ્યા હતા. કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથ સિંહ અને માર્ગ પરિવહન પ્રધાન નિતિન ગડકરી હિમાચલના સુજાનપુર તિરા અને નાગપુરમાં ક્રમશ ભાગ લેશે. માનવ સંશાધન વિકાસ પ્રધાન પ્રકાશ જાવડેકર મણિપુરમાં ખાતે કાર્યક્રમમાં ભાગ લેશે. રેલવે પ્રધાન સુરેશ પ્રભુ વાણિજ્ય પાટનગર મુંબઈમાં યોગના કાર્યક્રમમાં ભાગ લેશે. દિલ્હીમાં પણ ખાસ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં કેન્દ્રિય શહેરી વિકાસ પ્રધાન વેંકૈયા નાયડુ ભાગ લેનાર છે. વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજ પણ સક્રિય કરીતે કાર્યક્રમમાં ભાગ લેનાર છે. વર્ષ ૨૦૧૪માં એનડીએ સત્તામાં આવ્યા બાદ એનડીએ સરકારના પ્રધાનો સતત જુદા જુદા કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યા છે. મોદીની પહેલ પર યોગને વિશ્વ દિવસોમાં સામેલ

● અનુસંધાન પાન-૭ પર

# વિપક્ષો આવતીકાલે રાષ્ટ્રપતિ પદ માટે ઉમેદવાર પસંદ કરશે

### મીરા કુમાર, સુશીલ શીંદે કે સ્વામીનાથનના નામ મોખરે

દિલ્હી,તા.૨૦

રાષ્ટ્રપતિ પદ માટે એનડીએ ઉમેદવાર રામનાથ કોવિંદને ટક્કર આપવા માટે વિપક્ષી દળ તેના દમદાર ઉમેદવારને મેદાનમાં ઉતારશે. ઉમેદવારના નામનો નિર્ણય કરવા માટે ૨૨ જુને નવી દિલ્હીમાં વિપક્ષોની બેઠકો યોજાશે. ઉલ્લેખનીય છે કે, એનડીએ તરફથી દલિત ઉમેદવાર રજુ કરવા પર દરેક વિપક્ષ માટે હવે સ્થિતિ કપરી બની છે. કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા મુજબ મોદી સરકારે દલિત સમુદાયને એક મજબૂત સંકેત આપવા માટે ચતુરાઈ ભર્યું પગલુ ભર્યું છે. જો કે કોવિંદની 'કાબિલિયત' પર વિપક્ષે પ્રશ્નો ઉઠાવ્યા છે.

વિપક્ષના વરિષ્ઠ નેતાઓએ સંકેત આપ્યો છે કે, તેઓ એક યોગ્ય ઓળખવાળા અને સન્માનીત ઉમેદવારને મેદાનમાં ઉતારશે. જો બેઠકમાં સંમતિ બને છે તો ઉમેદવાર દલિત પણ હોઈ શકે છે. કોવિંદને રાષ્ટ્રપતિ પદની ચુંટણી માટે મેદાનમાં ઉતારવા અંગેના એનડીએના નિર્ણય પર પ્રશ્નો ઉઠાવીને તૃણમૂલ કોંગ્રેસની મમતા બેનર્જીએ કહ્યું હોઈ વ્યકિતનું સમર્થન કરવા માટે તેને જાણવું જરૂરી છે. તેઓના કહ્યા મુજબ તેઓ કોવિંદને રાષ્ટ્રપતિ પદ માટે 'અયોગ્ય' નથી ગણાવી રહી પરંતુ દેશમાં અન્ય સારા દલિત નેતા છે. તેઓએ કહ્યું ભાજપ દલિત મોરચાના નેતા હોવાના કારણે કોવિંદને ઉમેદવાર બનાવ્યા છે. રાષ્ટ્રપતિનું પદ મહત્વપૂર્ણ હોય છે. પ્રણવ મુખર્જી, સુષ્મા સ્વરાજ તેમજ અડવાણી જેવી કાબિલિયત રાખતા વ્યકિતને પણ ઉમેદવાર તરીકે પસંદગી કરી શકાય.

જેડીયુના શરદ યાદવે કહ્યું છે કે, તેઓ એનડીએના રાષ્ટ્રપતિ ઉમેદવાર પર કોઈ ટીપ્પણી કરવા માંગતા નથી અને તેઓ વિપક્ષો સાથે ચર્ચા કર્યા બાદ આ અંગે કહેશે. બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે રાજ્યના રાજ્યપાલ કોવિંદની પ્રશંસા કરીને તેઓને શુભકામના પાઠવી. જોકે તેઓએ જણાવ્યું નહી કે, તેનો પક્ષ કોવિંદનું સમર્થન કરશે કે નહીં.

# સંસદમાં ૩૦મીએ મધરાતે જીએસટી લોંચ કરાશે

## જીએસટી લોંચ કરવા સંસદના ઐતિહાસિક સેન્ટ્રલ હોલમાં યોજાશે વિશેષ કાર્યક્રમ : રાષ્ટ્રપતિ-પ્રધાનમંત્રીની હાજરી : ૭૦ વર્ષ પછી અડધી રાત્રે સંસદનું વિશેષ સત્ર બોલાવશે મોદી સરકાર

દિલ્હી,તા.૨૦

'એક રાષ્ટ્ર એક કરવેરો'નું સપનું પૂરું કરતો ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) ૧ જૂલાઈથી લાગુ થવાનો છે. આખા દેશમાં આ નવી કરવ્યવસ્થાને લાગુ કરવા માટે મોદી સરકારે પૂરી તૈયારી કરી રાખી છે. જીએસટી લાગુ કરવા માટે ૩૦ જૂને અડધી રાતે સંસદમાં વિશેષ સત્ર પણ બોલાવવામાં આવશે. ૩૦ જૂનની રાતે લગભગ ૧૧ વાગે આ સત્ર સંસદના સેન્ટ્રલ હોલમાં યોજાશે. રાતે ૧૨ વાગે રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન જીએસટીને સત્તાવાર રીતે લોન્ચ કરશે. નાણામંત્રી અરૂણ જેટલીએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે કેરળ અને જમ્મુ-કાશ્મીરને છોડીને લગભગ તમામ રાજ્યોમાં તેને લઈને કાયદો પસાર થઈ ચૂક્યો છે. કેરળમાં આ અઠવાડિયે આ કાયદો પસાર થશે.આવું પહેલીવાર થશે જયારે કોઈ કાયદો લાગુ કરવા માટે અડધી રાતે સંસદ સત્ર બોલાવવામાં આવે. આ પહેલા ૧૪ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ અડધી રાતે વિશેષ સત્ર બોલાવવામાં આવ્યું હતું.

આ ઉજવણીની સાથે જ ૧૯૪૭ની ૧૫ ઓગસ્ટની મધરાત્રે મળેલી આઝાદીની યાદો પણ તાજી થઈ જશે. જીએસટી લોન્ચ કરવા માટે સરકાર વર્તુળાકાર સંસદના સેન્ટ્રલ હોલનો કદાચ પ્રથમ વખત

● અનુસંધાન પાન-૭ પર

# જીએસટી રજિસ્ટ્રેશન ન થયું હોય તો પણ વેપારીઓ કારોબાર કરી શકશે

દિલ્હી,તા.૨૦

કેન્દ્રના મહેસૂલ સચિવ હસમુખ અઢીયાએ એમ કહ્યું છે કે જો વેપારી અને ડિલર અત્યાર સુધી રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂરી કરી શકયા ન હોય તો પણ મુંઝાવાની જરૂર નથી. તેઓ ૧લી જૂલાઈ બાદ જીએસટી લાગુ થયા બાદ પણ સામાન્ય રૂટથી જ કારોબાર કરી શકશે અને એમને કોઈ અવરોધ આવશે નહીં.

૧૫ અંકોવાળા ગુડસ એન્ડ સર્વિસ ટેકસ પેયર આઈડેન્ટીફીકેશન નંબર પ્રારંભીક મહિનામાં કારોબાર માટે ચાલશે. અઢીયાએ જીએસટી રજિસ્ટ્રેશન પ્રક્રિયા પર ઉધોગ અને વેપાર જગતની ચિંતાઓને દૂર કરીને એમ કહ્યું છે કે જીએસટી માટે ગભરાવાની જરૂર નથી. રજિસ્ટ્રેશનની ચિંતા કરવાની પણ જરૂર નથી કારણ કે આ નવી વ્યવસ્થામાં કામચલાઉ આઈડીથી કારોબાર થઈ શકશે અને એમાં કોઈ અવરોધ આવવાનો નથી. રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂરી ન થઈ હોય તો પણ મુંઝાવાની કોઈ જરૂર નથી.

એમણે એવી માહિતી આપી કે દેશના ૮૦.૯૧ લાખ એકસાઈઝ સર્વિસ અને વેટ કરદાતાઓમાંથી ૬૨.૬ લાખ એટલે કે ૮૧ ટકાએ જીએસટી એન્ડ પોર્ટલ પર માઈગ્રેશનની પ્રક્રિયા પૂરી કરી લીધી છે પરંતુ તેમાંથી ૧૩ લાખ વ્યવસાયિકોએ રજિસ્ટ્રેશનના બીજા તબક્કાની પ્રક્રિયા પૂરી કરી નથી અને આ પ્રક્રિયા ખરાઈ કરવાની છે.





| Pouch Pack | MRP*(₹) |
|---|---|
| 200g | 15 |
| 400g | 28 |
| 1kg | 55 |
| 5kg | 250 |

| Cup Pack | MRP*(₹) |
|---|---|
| 85g | 10 |
| 200g | 22 |
| 400g | 38 |

*MRP (incl. of all taxes), transportation and cooling charges included. Conditions apply.
For any clarification please contact us on 079 – 23969055/56/57








## ન્યુઝ ટ્રેક

### જસ્ટીસ સી.એસ. કરનની ધરપકડ



વિવાદાસ્પદ બનેલા હાઈકોર્ટના જસ્ટીસ સી.એસ. કરનની આજે કોઈમ્બતુરથી મોડી સાંજે ધરપકડ કરાઈ છે.

### સાધ્વી જયશ્રીગીરી નાથદ્વારાથી ઝડપાઈ



અમદાવાદ પોલીસ જાપ્તામાંથી ભાગી જવામાં સફળ નિવડેલી વૉન્ટેડ આરોપી સાધ્વી જયશ્રીગીરી રાજસ્થાનના નાથદ્વારા ખાતે પકડાઈ જવા પામી હતી.

### શીવસેના રામનાથ કોવિંદને ટેકો આપશે

એનડીએના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર રામનાથ કોવિંદને ટેકો આપવાની જાહેરાત શીવસેનાના સુપ્રીમો ઉદ્ધવ ઠાકરે કરી હતી.

### દુનિયાના ૪૦ ટકા પૈસાદાર લોકો રહે છે અમેરિકામાં

બોસ્ટન કન્સલ્ટીંગ ગ્રુપના રીપોર્ટ પ્રમાણે વિશ્વના ૪૦ ટકા સૌથી વધુ ધનવાન લોકો અમેરિકામાં વસે છે અને તેની સંખ્યા સતત વધી રહી છે. આ યાદીમાં ચીન બીજા સ્થાને છે.

### પંજાબે પણ ખેડૂતોની લોન માફ કરી

મહારાષ્ટ્ર અને યુપી બાદ પંજાબ સરકારે ખેડૂતોને લઈને મહત્વનો નિર્ણય લીધો છે. પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદરસિંહની સરકારે ખેડૂતોની લોન માફ કરવાની જાહેરાત કરી છે.

### રામનાથ કોવિંદે રાજ્યપાલ પદેથી રાજીનામુ આપ્યુ

રાષ્ટ્રપતિપદ માટે એનડીએના ઉમેદવાર રામનાથ કોવિંદે બિહારના રાજ્યપાલપદેથી રાજીનામુ આપી દીધુ છે. રાષ્ટ્રપતિપદ માટેની ચૂંટણી જુલાઈમાં યોજાશે.

### યોગ દિવસ માત્ર પબ્લિસિટી સ્ટન્ટ : નીતિશ કુમાર



બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે ફરી એકવખત પીએમ મોદી વિરૂદ્ધ મોર્ચો ખોલ્યો છે. નીતિશકુમારે નક્કી કર્યું છે કે બિહાર સરકાર ઈન્ટરનેશનલ યોગ ડેના કાર્યક્રમમાં ભાગ નહીં લે, તેઓના મતે આ માત્ર એક પબ્લિસિટી સ્ટંટ જ છે.

### બે વર્ષના બાળકને બચાવવા સલમાને આપ્યા ૨ લાખ



સલમાનખાનના એનજીઓ બીઈંગ હ્યુમને ૨ વર્ષના બાળક રાકેશ આવરના લીવર ટ્રાન્સપ્લાન્ટ માટે રૂ. ૨ લાખની મદદ કરી હતી. રાકેશની સારવાર માટે તેના પરિવારને રૂ. ૧૨ લાખની જરૂર હતી.